# <u>પ્રેસનોટ</u>

<u>તા.૧૮/૯/૨૦૧૪</u>

અમદાવાદ શહેર ખાતે ભારતના માનનીય વડાપ્રધાનશ્રી તથા ચીનના મહામહિમ રાષ્ટ્રપતિશ્રી તા.૧૬,૧૭/૯/૨૦૧૪ નારોજ પધારેલ હતા. તેઓના આ પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન તેઓએ એરપોર્ટથી લઇ હયાત હોટલ, સાબરમતી આશ્રમ અને રીવરફ્રન્ટ પાર્ક જેવાં સ્થળોની મુલાકાત લીધેલી. બન્ને મહાનુભાવશ્રીઓના થ્રેટ પરસેપ્શન ઘણાં જ હતાં. આ સમગ્ર સંભાવનાઓ અને સંદેહોની વચ્ચે અમદાવાદ શહેર પોલીસ દ્વારા આ સમગ્ર બંદોબસ્ત શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પાર પાડી એક આદર્શ દાખલો બેસાડેલ છે. એક આંતર રાષ્ટ્રીય કક્ષાનો બંદોબસ્ત હતો બંદોબસ્તને સફળ બનાવવામાં ટેકનિકલ સંસાધનો/આયોજનોનો પણ ખુબજ મહત્વનો ફાળો રહેલ છે. નીચે મુજબના વિશિષ્ટ અને દાખલારુપ તકનિકી સંસાધનોના ઉપયોગ આ બંદોબસ્તમાં મદદરુપ થયા હતા.

1. ***<u>QR code ધરાવતા આધુનિક I Card</u>***

   બંદોબસ્ત અર્થે આવેલ તમામ પોલીસ અધિકારી/માણસોને QR Code ધરાવતાં I Card આપવામાં આવેલ હતાં. જે તમામ I Card કમ્પ્યુટર પ્રોગ્રામીંગથી બનાવવામાં આવેલા હતા. Quick Response code એ વિશિષ્ટ ગુપ્ત કોડ હોય છે. જેને પ્રોગ્રામીંગ કરવામાં આવેલ હોય છે. અને જેને QR Scanner દ્વારા જાણી શકાય છે. આવા પ્રકારના I Card માં QR Coding અત્યંત જટીલ અને ગુપ્ત હોવાના લીધે પોલીસની ઓળખ પ્રસ્થાપિત કરવુ ઘણુંજ ચોક્કસ અને સરળ બનેલ હતુ. આ QR Code ને ઓપન કરવા અર્થે ફરજ બજાવતાં મોટાભાગના અધિકારીઓના મોબાઇલમાં QR Scanner ડાઉનલોડ કરવામાં આવેલ હતાં. આવા પ્રકારનાં I Card સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત ઉપયોગમાં લેવાયેલ જે આવનાર સમયમાં પણ વધુ ઉપયોગી બની રહેશે.

2. ***<u>કમ્પ્યુટરાઇઝડ બંદોબસ્ત સ્કિમ</u>***

   બંદોબસ્તની જરૂરિયાત સંદર્ભે એક ઉચ્ચ ગુણવત્તા ધરાવતુ સોફટવેર તૈયાર કરવામાં આવેલ આ સોફટવેરમાં હોટલ હયાત , સાબરમતી આશ્રમ અને રીવરફ્રન્ટના તથા આસપાસના તમામ જગ્યાના ફોટોગ્રાફસ અને ગુગલ મેપની મદદથી કોમ્પ્યુટરાઇઝડ સ્ટ્રકચર તૈયાર કરવામાં આવેલુ, જેમાં બંદોબસ્તની જરૂરિયાત મુજબ પોલીસ કર્મચારીની નિમણૂંક કરવામાં આવેલી. આ સોફટવેર દ્વારા બંદોબસ્તની ફાળવણી, વહેચણી, અને પોઇન્ટવાઇજ ગોઠવણી ખુબજ ઝડપી અને ઉપયોગી સાબીત થઇ છે. કોમ્પ્યુરની સિંગલ ક્લીકથી જ સમગ્ર બંદોબસ્તનો આબેહુબ ચિતાર મળી શક્યો હતો.આટલા મોટા બંદોબસ્તની વહેંચણીમાં એક દિવસનો સમય લાગતો હતો તેના સ્થાને આ કામ અમુક કલાકોમાં જ પૂર્ણ થયેલુ. પોલીસનો અતિમહત્વપૂર્ણ સમય બચેલો. જેનો સુઆયોજીત ઉપયોગ પોપ્યુલેશન સેન્સસ, મહોલ્લા મીટીંગ જેવા આયોજન અર્થે કરવામાં આવેલ.

## 3. *સી.સી.ટીવી કેમેરા નેટવર્ક*

બંદોબસ્તના સ્થળો જેવાં કે, હોટલ હયાત , સાબરમતી આશ્રમ અને રીવરફ્રન્ટ ઉપર તેમજ સમગ્ર વી.વી.આઇ.પી રુટ ઉપર સી.સી.ટીવી કેમેરાનુ સુવ્યવસ્થિત નેટવર્ક ઉભુ કરવામાં આવેલું. સ્થળ તેમજ રુટનો એકપણ ખુણો બાકી ન રહે તે માટે મહત્તમ સી.સી.ટીવી કેમેરા લગાડવામાં આવેલા આ સી.સી.ટીવી કેમેરાની feed (ફિડ)ને સતત સુપરવાઇઝ કરવા જે તે સ્થળો અને રુટ ઉપર નિશ્ચિત અંતરે કંટ્રોલ રુમ બનાવવામાં આવેલ હતાં. વધુમાં આ કેમેરાની એક Live Feed શહેર કંટ્રોલરુમને પણ આપવામાં આવેલ હતી. સી.સી.ટીવીનુ આ નેટવર્ક નાનામાં નાની હિલચાલ અને સુપરવિઝન અર્થે અત્યંત મહત્વ પૂર્ણ સાબીત થયેલું.

## 4. *મોબાઇલ પર લાઇવ કેમેરા ફીડ*

હયાત હોટલ તથા આલ્ફા વન મૉલ સુરક્ષાની દ્રષ્ટ્રીએ ઘણાંજ સંવેદનશીલ હતાં આ બન્ને સ્થળો ઉપર આશરે ૧૫૦ થી વધુ સી.સી.ટીવી કેમેરા ઉપલબ્ધ હતાં આ સી.સી.ટીવી કેમેરાની મદદથી અસરકારક સુપરવિઝન અને શંકાસ્પદ હિલચાલ પર ચાંપતી નજર રાખી શકાય તે હેતુસર આ તમામ કેમેરાની Live Feed સોફ્ટવેરની મદદથી સુપરવિઝન અધિકારીના મોબાઇલમાં ઉપલબ્ધ કરાવી હતી.

આ સોફટવેરની મદદથી અધિકારીશ્રી કોઇપણ સ્થળેથી પોતાના સેલફોન દ્વારા સમગ્ર ૧૫૦ કેમેરાની Live feed મેળવતા હતા. આ સોફ્ટવેર સુરક્ષા અને સુપરવિઝનના હેતુસર પથદર્શક સાબિત થયેલ હતુ.

## 5. *LM-ADCPOL ગૃપ SMS સીસ્ટમ*

બંદોબસ્ત અર્થે ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારી તાત્કાલીક પરિસ્થિતીથી સતત વાકેફ રહી શકે તે હેતુસર તમામને એક સાથે મેસેજ મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ, આ ગૃપ મેસેજ સીસ્ટમના પરીણામે રોડ બંદોબસ્ત, ધાબા પોઈન્ટ, સ્થળ બંદોબસ્ત, જેવી તમામ જગ્યાએ ફરજ બજાવતા પોલીસ માણસો પ્રવર્તમાન પરિસ્થિતીથી સતત માહિતગાર રહી શકેલા અને જેના લીધે એલર્ટનેસ ઘણી જ વધારે રાખી શકાયેલ. આ પ્રકારની એલર્ટનેસ અને સજાગતા એ બંદોબસ્તની સફળતામાં ઘણો જ મહત્વનો ભાગ ભજવેલો.